પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૯૨ | ૧૧ જુન, ૨૦૧૮, સોમવાર; અ. જેઠ વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

**છત્તીસગઢમાં શિક્ષકો કાયમી કરાશે**

છત્તીસગઢની ચૂંટણી પહેલા રમણસિંહ સરકારે મોટો દાવ ખેલ્યો છે. મુખ્યમંત્રીએ જાહેરાત કરી છે કે કરાર આધારિત નોકરી કરી રહેલા શિક્ષકોને કાયમી કરવામાં આવશે. શિક્ષકો આ મામલે આંદોલન કરી રહ્યા હતા.

**પ્રણવ મુખર્જી સક્રિય રાજનીતિમાં નહીં જોડાય**

પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીના પુત્રી શર્મિષ્ઠા મુખર્જીએ આજે જાહેરાત કરી હતી કે હવે મારા પિતાજી સક્રિય રાજનીતિમાં પુનઃ નહીં જોડાય. માત્ર રચનાત્મક અને બૌદ્ધિક કાર્યક્રમોમાં જોડાશે.

**એટલાન્ટામાં ગુજરાતીની હત્યા**

યુએસના એટલાન્ટા - જયોર્જિયામાં ૨૦ વર્ષથી રહેતા મૂળ વડોદરાના અને ગેસ પંપ-સ્ટોરના માલિક હરેક્રિષ્ન મિસ્ત્રીની ત્રણ ગોળી મારીને હત્યા કરાઈ છે.

**બેંકોનું એનપીએ વધ્યું**

દેશની બેંકોની વધતી જતી ખોટ સંદર્ભે વધુ એક માઠાં સમાચાર પ્રાપ્ત થયા છે. ૨૦૧૬-૧૭માં ૧.૧૨ લાખ કરોડમાંથી એનપીએ હવે વધીને ૨.૨૩ લાખ કરોડ થયું છે.

**ટ્રમ્પ અને કિમ જોંગ આવતીકાલે મળશે**

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઉત્તર કોરિયાના કિમ જોંગ ૧૨મી જુને સિંગાપુર ખાતે મુલાકાત કરશે.

# કાશ્મીરમાં છ ત્રાસવાદીઓ ઠાર

**કુપવારાના કેરન સેક્ટરમાં ઘુસણખોરીનો પ્રયાસ : ઠાર થયેલા કુખ્યાત ત્રાસવાદીઓ પાસેથી મોતનો મસાલો જપ્ત : આતંકવાદીઓ રમઝાનમાં પણ મોટા હુમલાઓ કરવાના પ્રયાસમાં : સુરક્ષા દળો હાઈએલર્ટ પર**



કુપવારા, તા. ૧૦


જમ્મુ કાશ્મીરમાં સુરક્ષા દળો આતંકવાદીઓના ઈરાદા પર સતત પાણી ફેરવી રહ્યા છે. પાકિસ્તાન તરફથી કરવામાં આવી રહેલી ઘુસણખોરીના પ્રયાસોને નિષ્ફળ કરવામાં આવી રહ્યા છે. આવા જ એક પ્રયાસને આજે નિષ્ફળ કરીને સુરક્ષા દળોએ છ ત્રાસવાદીઓને ઠાર મારી દીધા હતા. આ ત્રાસવાદીઓ પાસેથી મોટી માત્રામાં હથિયારોનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. કુપવારા જિલ્લામાં આ પ્રયાસ નિષ્ફળ કરીને સુરક્ષા દળોએ મોટી સફળતા હાસલ કરી હતી. કુપવારાના કેરન સેક્ટરમાં ત્રાસવાદીઓએ ઘુસણખોરીનો મોટો પ્રયાસ કર્યો હતો. આતંકવાદીઓની હિલચાલ નિહાળ્યા બાદ સુરક્ષા દળોએ

શરણાગતિ સ્વીકારી લેવા માટે ત્રાસવાદીઓને કહ્યું હતું પરંતુ ત્રાસવાદીઓએ શરણે થવાના બદલે સુરક્ષા દળો ઉપર ગોળીબાર કર્યો હતો. જવાબી કાર્યવાહી કરતા કલાકો સુધી ચાલેલી ગોળીબારની રમઝટમાં છ ત્રાસવાદીઓ માર્યા ગયા હતા. મોટાપાયે સર્ચ ઓપરેશન અથડામણ બાદ પણ જારી રહ્યું હતું. શનિવારના દિવસે બાંદીપોરામાં ત્રાસવાદીઓ સાથે ભીષણ અથડામણ થઈ હતી. સેનાના અધિકારીઓને શનિવારે મોડી રાત્રે માહિતી મળી હતી કે, કેટલાક ત્રાસવાદીઓ વન્ય

● અનુસંધાન પાન-૭ પર

## દિલ્હીનું સૌથી મોટું એન્કાઉન્ટર ૩ મિનિટ ૨૦૦ ગોળીઓ છૂટી

**૩૧ કલાકની નાકાબંધી, ૩ મિનીટમાં મિશન પરિપૂર્ણ**



ન્યુ દિલ્હી,તા.૧૦

દિલ્હીનો છતરપુર વિસ્તાર જે શનિવારે ગોળીઓના અવાજથી ગૂંજી ઉઠ્યો અને દિલ્હી પોલીસે રાજધાનીના સૌથી મોટા એક્રાઉન્ટરને અંજામ આપી દીધો. આ એક્રાઉન્ટરની સૌથી ખાસ વાત એ છે કે, દિલ્હી પોલીસે અંદાજિત ૩ મિનીટની અંદર ૧૫૦ ગોળીઓ ચલાવી કુખ્યાત રાજેશ ભારતી સહિતા આખી ગેંગનો ખાત્મો કરી દીધો. આ દરમિયાન ગેંગસ્ટર દ્વારા પણ ૫૦ જેટલી ગોળીઓ ચલાવાઈ હતી.

દિલ્હી પોલીસની સ્પેશિયલ સેલને શુક્રવારે વહેલી સવારે જ એક લાખના ઈનામી બદમાશ રાજેશ ભારતી વીશે ગુપ્ત જાણકારી મળી હતી. પોલીસે પૂર્તિ માહીતિ મળી કે પોતાની ગેંગના કેટલાક સભ્યો સાથે રાજેશ ભારતી છતરપુર સ્થિત પોતાના ફાર્મહાઉસ આવી રહ્યા છે. બસ પોલીસે ફાર્મહાઉસની પાસે જ રાજેશ ભારતી સહિત તેની આખી ગેંગને ઘેરી લીધી. પોલીસ દ્વારા ઘેરાયેલા જોઈને ગેંગસ્ટરોએ ફાયરિંગ કરી ભાગવાની કોશિશ કરી, પરંતુ સમગ્ર રીતે તૈયાર દિલ્હી પોલીસે અંદાજિત ૩ મિનીટની અંદર ધડાધડ ૧૫૦ રાઉન્ડ ફાયરિંગ કરી રાજેશ ભારતી સહિત તેની ગેંગના ૪ ગેંગસ્ટરોનું ઢીમ ઢાળી દીધું.

# એસસીઓ સમિટમાં મોદી મંત્ર-SECURE

ચિંગદાઓ,તા.૧૦

વડાપ્રધાન મોદી શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (એસસીઓ) સમિટના બીજા દિવસે વેલકમ સેરેમનીમાં ભાગ લેવા પહોચ્યા હતા. તેઓ અહિં સતત બીજા દિવસે ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથે મુલાકાત કરી. જે બાદ SCOના તમામ ૮ સભ્ય દેશના નેતાઓએ સામૂહિક ફોટો સેશનમાં ભાગ લીધો હતો. મોદીએ પ્લેનરી સેશનમાં કહ્યું કે ભારતમાં માત્ર ૬% પર્યટક જ SCO દેશમાંથી આવે છે, તેને વધારી શકાય છે.

પોતાના સંબોધનમાં મોદીએ પડોશી દેશની પર પણ ટીકા કરતાં એસસીઓ સભ્ય દેશને કહ્યું કે પડોશીઓ સાથે કનેક્ટિવિટી પર ભારત જોર આપી રહ્યું છે, જો કે સુરક્ષા અમારી પ્રાથમિકતા છે. તે માટે તેઓએ એક મંત્ર પણ આપ્યો, જેને તેઓએ SECURE નામ આપ્યું.

**અફઘાનિસ્તાન આતંકથી પ્રભાવિત વિસ્તારનું દુર્ભાગ્યપૂર્ણ ઉદાહરણ : મોદી**



## હવે યુપીએસસી પરીક્ષા આપ્યા વગર સરકારી અધિકારી બની શકાશે

**મોદી સરકારનો મોટો નિર્ણય : ૧૦ મંત્રાલયોમાં થશે 'વિશેષજ્ઞ'ની નિમણૂંક, ૩ વર્ષનો કાર્યકાળ, પ્રાઈવેટ કંપનીઓમાં કામ કરનારાઓને પણ તક**

ન્યુ દિલ્હી,તા.૧૦

મોદી સરકારે નોકરશાહીમાં પ્રવેશને લઈને અત્યાર સુધીનો સૌથી મોટો ફેરફાર કર્યો છે. હવે અધિકારી બનવા માટે યૂપીએસસીની સિવિલ સર્વિસિ પરીક્ષા પાસ કરવી અનિવાર્ય નહીં રહે. પ્રાઈવેટ કંપનીમાં કામ કરનારા સિનિયર અધિકારીઓ પણ સરકારનો ભાગ બની શકશે. સરકાર તરફથી લાંબા સમયથી પડતર એવા લેટરલ એંટ્રીની ઔપચારીક અધિસૂચના બહાર પાડવામાં આવી છે.

રવિવારે આ પદોની નિમણૂંક માટે ડિપાર્ટમેંટ ઓફ પર્સોનેલ એંડ ટ્રેનિંગ (DoPT) માટે વિસ્તારપૂર્વકની એક ગાઈડલાઈસ સાથે એક અધિસૂચના બહાર પાડવામાં આવી છે. સરકાર હવે સર્વિસના નિયમોમાં પણ ફેરફાર કરશે. પીએમ મોદી બ્યૂરોક્રેસીમાં લેટરલ એંટ્રીના શરૂઆતથી હિમાયતી રહ્યાં છે.

DoPT તરફથી જાહેર કરવામાં આવેલી અધિસૂચના પ્રમાણે લેટરલ એંટ્રીના ઉમેદવારોની મંત્રાલયોમાં જોઈંટ સેક્રેટરી પદ પર નિમણૂંક પામશે. તેમનો કાર્યકાળ ૩ વર્ષનો રહેશે અને જો પ્રદર્શન સારૂ રહ્યું તો તેને વધારીને ૫ વર્ષ કરવામાં આવશે. આ પદો માટે મહત્તમ ઉંમર નક્કી કરવામાં આવી નથી જ્યારે ઓછામાં ઓછી ઉંમર ૪૦ વર્ષ રહેશે. તેમનું વેતન કેન્દ્ર સરકારને અંતર્ગત જોઈંટ સેક્રેટરી હોદ્દા અનુંસાર રહેશે. તમામ સુવિધાઓ પણ તે અનુંરૂપ જ મળશે. તેમને સિવિલ સર્વિસના નિયમો અનુંસાર કામ કરવાનું રહેશે.

## ચંદા કોચર-પરિવાર પર હવે અમેરિકન સંસ્થાઓની નજર

**આઈસીઆઈસીઆઈ બેંક મામલે પણ નજર કેન્દ્રિત : અમેરિકી રેગ્યુલેટર દ્વારા ચકાસણી હાથ ધરવામાં આવી : આઈસીઆઈસીઆઈ બેંક અમેરિકાના બજારમાં લિસ્ટેડ**

નવી દિલ્હી,તા. ૧૦

આઈસીઆઈસીઆઈ બેંકના પ્રમુખ ચંદા કોચર અને તેમના પરિવારના સભ્યો ઉપર મુકવામાં આવેલા અનિયમિતતાના આરોપની ભારતમાં પણ અનેક સંસ્થાઓ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે.



બીજી બાજુ આ મામલો હવે અમેરિકી માર્કેટ રેગ્યુલેટર સિક્યુરિટી એન્ડ એક્સચેંજ કમિશનના રડાર ઉપર પણ પહોંચી ગયો છે.

ટૂંક સમયમાં જ કોચર અને આઈસીઆઈસીઆઈ બેંકને અમેરિકી માર્કેટ રેગ્યુલેટર સિક્યુરિટી એન્ડ એક્સચેંજ કમિશન (એસઈસી) તરફથી તપાસનો સામનો કરવો પડી શકે છે. જો કે, એસઈસીના એક અધિકારીથી કોચર અનો આઈસીઆઈસીઆઈ બેંકના મામલા અંગે પુછવામાં આવતા કોઈ ટિપ્પણી કરવામાં આવી ન હતી. બેંક પહેલાથી જ હિતોના સંઘર્ષને લઈને ફાયદાના બદલે ફાયદા માટેની વ્યૂહરચના બદલ તપાસનો સામનો કરી રહી છે.

આ પહેલા માર્ચ મહિનામાં જ્યારે પ્રથમ વખત આ સંદર્ભમાં રિપોર્ટ સામે આવ્યા હતા ત્યારે બેંકોએ કહ્યું હતું કે, તેમના બોર્ડને ચંદા કોચરને સંપૂર્ણપણે વિશ્વાસ છે.

સુત્રોનું કહેવું છે કે, સિક્યુરિટી એન્ડ એક્સચેંજ કમિશન સમગ્ર મામલા પર નજર રાખે છે. કારણ કે, આઈસીઆઈસીઆઈ બેંક અમેરિકી બજારમાં પણ લિસ્ટેડ છે.

માર્કેટ રેગ્યુલેટર દ્વારા પણ માહિતી મેળવવામાં આવી રહી છે. આ સંદર્ભમાં વધારે વિગત એકત્રિત કરવામાં આવી રહી છે. સેબીએ પહેલાથી જ તપાસના સંદર્ભમાં આઈસીઆઈસીઆઈ બેંક અને કોચર કારદર્શક નોટિસ આપી ચુકી છે.

બીજા માટે કંઈક કરીએ...

ઉત્તમમાં ઉત્તમ દાન કરીએ...

14 JUNE •World• BLOOD DONOR DAY

ગાંધીનગરના દરેક નાગરીકને નમ્ર વિનંતી

શ્રધ્ધાદિપ બ્લડ બેન્ક આયોજીત

મહા રક્તદાન કેમ્પ

તારીખ : ૧૪ જુન ૨૦૧૮, સવારે ૯ થી રાત્રે ૯

સ્થળ : ૩૨૮, સેક્ટર-૧૬, શીવ કોમ્પલેક્ષ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૨૪૭૪

બહેનોને ખાસ કહેવાનું કે, સ્ત્રી શક્તિને વેગ આપીએ, ચાલો આપણે પણ જોડાઈએ.

નામ નોંધાવા માટે : ૯૭૨૬૯૭૮૮૦૪, ૯૮૨૪૮૩૩૪૪૦

"Be There for someone else Give blood. Share life"

WOMEN EMPOWERMENT

## વિશ્વની ટૉપ ૨૦૦૦ કંપનીઓમાં ભારતની ૫૮ : રિલાયન્સ ૮૩મા સ્થાને

**અમેરિકન મેગેઝિન ફોર્બ્સની ૨૦૧૮ની ગ્લોબલ ૨૦૦૦ લિસ્ટમાં માહિતી મળી**

ન્યુ દિલ્હી,તા.૧૦

દુનિયાની ટૉપ ૨૦૦૦ લિસ્ટેડ કંપનીઓમાં ભારતની ૫૮ કંપનીઓને સ્થાન આપવામાં આવ્યું છે. અમેરિકન મેગેઝિન ફોર્બ્સની ૨૦૧૮ની ગ્લોબલ ૨૦૦૦ લિસ્ટમાં આ માહિતી મળી છે. ગત વર્ષે પણ આ યાદીમાં આટલી જ ભારતીય કંપનીઓ સામેલ હતી. યાદીમાં સામેલ ભારતીય કંપનીઓમાં બેક્ર અને પેટ્રોલિયમ સેક્રની કંપનીઓ ઉપર છે. ટૉપ-૧૦ ભારતીય કંપનીઓમાં ૩ પેટ્રોલિયમ કંપનીઓ અને ૩ બેક્રોનો સમાવેશ થાય છે. લિસ્ટમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ ૨૩ ક્રમ ઉપર આવીને ૮૩માં નંબરે રહી જે ગત વર્ષે ૧૦૬માં નંબર પર હતી. આરઆઈએલે સૌથી મૂલ્યવાન ભાતીય કંપની તરીકે પોતાને કાયમ રાખી છે. તેની માર્કેટ કેપ ૬.૨૩ લાખ કરોડ રૂપિયા છે.

જો કે માર્કેટ કેપના મામલે હાલ ટીસીએસ ૬.૬૯ લાખ કરોડ સાથે ભારતમાં સૌથી ટોચ પર છે પરંતુ ફૉર્બ્સે ૪ માપદંડના આધારે રેકિંગ આપી છે. ફૉર્બ્સે વેચાણ, નફો, સંપત્તિ અને માર્કેટ વેલ્યૂને ધ્યાનમાં રાખતા ૧૨ મહિનાના આંકડાઓનું વિશ્લેષણ કરી કંપનીઓને રેંકિંગ કરી છે. ભારતીય કંપનીઓમાં એચડીએફસી બીજા ક્રમે છે.

અમૂલ દૂધ પીતા હૈ ઈંડિયા

₹39*/1 L



અમૂલ તાજા

500mL: ₹ 20*, 200mL: ₹ 8.50*

**મુંબઈ-હાવડા ટ્રેનના ત્રણ ડબ્બા પાટા પરથી ઉતર્યા**

ઈગતપુરી,તા.૧૦

મધ્ય રેલવે વિભાગ પર મુંબઈથી નાગપુર થઈને હાવડા જતા હાવડા મેલના ત્રણ ડબ્બા આજે વહેલી સવારે ઈગતપુરી રેલવે સ્ટેશન નજીક ખડી પડ્યા છે. સદ્દભાગ્યે કોઈ જાનહાનિ નથી થઈ. પરંતુ આ રૂટ અવરોધાઈ જતાં અનેક ટ્રેનોને રદ કરવી પડી છે અથવા એને અન્ય રૂટ પર ડાઈવર્ટ કરવી પડી છે.

ROOPKALA

The silver shop

માત્ર ચાંદીનો શો-રૂમ

199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય



સ્વ. કુંવરજીભાઈ એ. પટેલ

પ્રમુખશ્રી,
શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સેવા સમાજ, ગાંધીનગર
પ્રમુખશ્રી,
અન્નપૂર્ણાધામ, અડાલજ, ગાંધીનગર

**ભાવભીની શ્રદ્ધાંજલી**

અંજલિ આપતા શબ્દો ખૂટે છે,
શ્રદ્ધાંજલિ અર્પતા પુષ્પો ખૂટે છે.
કુદરતને ખજાને ખોટ પડે છે,
ત્યારે માયાળુ માનવીનો ખજાનો લૂંટે છે.
પ્રભુ આપના દિવ્ય આત્માને
શાંતિ અર્પે એ જ પ્રાર્થના....

'જય ભોજલરામ' 'જય અન્નપૂર્ણા મૉ'

શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ મિત્ર મંડળ, કાર્યવાહક સમિતિ અને સહેલ ગૃપ, ગાંધીનગર

શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સેવા સમાજ અને સમગ્ર ટ્રસ્ટી મંડળ, ગાંધીનગર